ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ગરમ વસ્ત્રોનું વિતરણ

શહેરમાં ઠંડી ઘટતા રાહતનો અહેસાસ

ગાંધીનગર, તા.૨૮

બે સપ્તાહથી વધુ સમય સુધી કોલ્ડવેવની અસર રહ્યા બાદ છેલ્લા એકાદ-બે દિવસથી ઠંડીમાં રાહત મળી છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વધારો થતાં તથા ઠંડા પવનો બંધ થતાં વસાહતીઓને ઠંડીમાં ખુબ રાહત મળી છે.

ડિસેમ્બર માસના મધ્યભાગમાં કોલ્ડવેવની ભારે અસરથી વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. ઠંડા પવનોની સાથે લઘુત્તમ તાપમાન સાત ડિગ્રી સુધી નીચુ ચાલ્યુ જતાં જનજીવન પર આકરી ઠંડીની અસર રહી હતી. શહેર જાણે સુમસામ બની ગયું હતું. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોની હાલત વધુ કફોડી બની હતી. શહેરમાં શરદી-ખાંસી અને તાવના મહત્તમ કેસો નોંધાયા હતા. મહત્તમ તાપમાન પણ ૨૫-૨૬ ડિગ્રી જેટલું નીચુ જતાં દિવસે પણ સતત ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી હતી. જો કે છેલ્લા બે દિવસથી કોલ્ડવેવની અસર ધીમે ધીમે ઓછી થતી જણાઈ છે. ઠંડા પવન બંધ થઈજતાં વસાહતીઓને ખુબ રાહત મળી છે. આજે લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી જેટલું નોંધાયું હતું જયારે મહત્તમ તાપમાન ૩૩.૫ ડિ.સે. સુધી પહોંચી જતાં દિવસ દરમિયાનની ઠંડી તો સાવ ગાયબ થઈ ગઈ હતી. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી થોડાક દિવસો સુધી હજુ ઠંડીમાં રાહત રહેશે.


(તસવીર : કશ્યપ નિમાવત)

@ગાંધીનગર

● ભારતીય વિચાર મંચ દ્વારા સાંજે ૬.૩૦ કલાકે વિદ્યા ભારતી પ્રશિક્ષણ કેન્દ્ર, દેના બેંકની સામે, સેકટર-૨૨ ખાતે મંચનો સ્નેહમિલન સમારોહ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

વાતવાતમાં

● શહેરના સે-૨૧ પોલીસ સ્ટેશન-સર્કિટ હાઉસ વીઆઈપી માર્ગ પર માર્ગ વચાળે નીલગાય કુદમકુદ કરતા ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત સર્જાઈ હતી.

● શહેરના ઘ માર્ગ પર નવીનીકરણનું કામ ચાલતું હોવાથી પીકઅપ અવર્સ માં ટ્રાફિક જામની ભારે સમસ્યા સર્જાય છે.

● નાતાલના દિવસોમાં બે દિવસથી ઠંડી થોડી ઓછી થતાં શહેરીજનોની બાળકો સાથે આઈસ્ક્રીમ પાર્લરો પર સાંતાકલોઝને જોવા ભીડ જામી રહી છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

ગજાનન સેવા સમિતિ દ્વારા સેવા કાર્ય કરાયું

ગાંધીનગર, તા.૨૮

ગજાનન સેવા સમિતિ દ્વારા અનાજ તેમજ ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ચીતરીયા વિસ્તારના ૧૧૫ વૃધ્ધ નિરાધારને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કરાયું હતું. ચીતરીયા પંચમહુડી તથા ભવાનપુર વિસ્તારની શાળાઓમાં બાળકોને નાસ્તો આપવામાં આવ્યો હતો. ખાદ્ય સામગ્રી અને ગરમ કપડા મળતા વિસ્તારમાં આનંદની લાગણી જોવા મળી હતી. આ સેવા કાર્યમાં મિલિન્દભાઈ, ડાહ્યાભાઈ ચૌધરી, સુવિણાબેન, કમલેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. ગરમ કપડા માટે મણીભાઈ ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સહયોગ પુરો પાડવામાં આવ્યો હતો.

સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે સ્પોર્ટસ ડે ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર સેકટર-૨૩ સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય અને શ્રી હરિ ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલ ખાતે તાજેતરમાં સ્પોર્ટસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ સ્પોર્ટસ ડેમાં શાળામાં અભ્યાસ કરતા ૧૮૦૦થી વધુ વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગાંધીનગર શહેરની શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામીનારાયણ ગુરુકળ સેકટર-૨૩ ખાતે તાજેતરમાં સ્પોર્ટસ -ડેની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ સ્પોર્ટસ ડેમાં ૧૦૦ મી. દોડ,ગોળા ફેંક, ચકફેંક, બાસ્કેટ બોલ, વોલીબોલ, ખોખો તેમજ નાના છોકરાઓ માટે રીલે રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી હરિ ઈન્ટરનેશનલ સ્કુલ અને સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુળમાં અભ્યાસ કરતાં ૧૮૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમારંભના પ્રારંભમાં વિદ્યાર્થીઓ દ્વારા પરેડનું નિદર્શન કરવામાં આવ્યું હતું. વિવિધ રમતોમાં ભાગ લીધેલ વિજેતા ખેલાડીઓને એન્યુલ ડેના દિવસે ઈનામ આપવામાં આવશે. આ સ્પોર્ટસ ડે પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી રામકૃષ્ણ સ્વામીજી, શાસ્ત્રીશ્રી અક્ષરપ્રકાશ સ્વામીજી, શાસ્ત્રીશ્રી માધવપ્રકાશ સ્વામીજી, શાસ્ત્રીશ્રી ધર્મનંદન સ્વામીજી તથા શ્રીકૃષ્ણ સ્વામીજી સહિત સંતગણે હાજરી આપી હતી. ટ્રસ્ટી રામકૃષ્ણ સ્વામીજીએ બાળકોને પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડતું વકતવ્ય આપ્યું હતું. સ્પોર્ડસ ડેના સુંદર આયોજન બદલ શાળાના આચાર્ય ઉમંગભાઈ વસાણીએ શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સે-૫માં ખુલ્લામાં જુગાર રમતા છ જુગારીયાઓ રંગે હાથ ઝડપાયા

પોલીસે રોકડ, મોબાઈલ અને વાહન સહિત રૂ. ૩૫,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૫ સીએનજી પંપની સામે વનવિભાગની જગ્યામાં ખુલ્લામાં કેટલાક જુગારીયા પાના-પત્તાનો જુગાર ખેલી રહ્યા હતા જયાં સેકટર-૭ પોલીસના પી.એસ.આઈ.ની ટીમે બાતમીના આધારે દરોડો પાડી કુલ છ જુગારીયાઓને રંગે હાથ જુગાર રમતા ઝડપી પાડયા હતા અને ૩૫ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સેકટર-૫માં સીએનજી પંપ સામે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો બિન્દાસ્ત જુગારની બાજી માંડીને બેઠા છે તેવી બાતમી સે-૭ પોલીસ મથકના પીએસઆઈ ગડરીયાને મળી હતી. આથી પીએસઆઈ ગડરીયાએ પોતાની ટીમ સાથે આજે બપોરે બાતમી સ્થળે દરોડો પાડયો હતો અને ખુલ્લેઆમ જુગાર રમતા છ જુગારીયા, ગોવિંદ શ્યામજીભાઈ વડવાઈ, દિનેશ કાળુભાઈ ડોડીયા, ભરત કાન્તિભાઈ દરજી, સુરેશ ગલાભાઈ વળવાઈ, મલજી ભુરાભાઈ નીસરતા, કલ્પેશ ધનાભાઈ ભાભોર (રહે. સેકટર-૬ છાપરા)ને રંગે હાથ ઝડપી પાડયા હતા. પોલીસે જુગાર સ્થળેથી રૂ.૧૦,૫૦૦ રોકડા, છ મોબાઈલ કિંમત રૂ. ૪૮૦૦, ૧ વાહન કિં. રૂ. ૨૦,૦૦૦ મળી જુગાર સાહિત્ય સાથે કુલ રૂ. ૩૫,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અને તમામ વિરુધ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પીએસઆઈ ગડરીયા ચલાવી રહ્યા છે.

એમ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓએ સ્કાઉટ ગાઈડ રેલીમાં ભાગ લીધો

ગાંધીનગર, તા.૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીએ ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા યોજાયેલ રેલીમાં ભાગ લીધો હતો. આ રેલીમાં કેમ્પ ફાયર, છાવણી નિરીક્ષણ અવલોકન સહિતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. અને સર્ટીફીકેટ પણ પ્રાપ્ત કર્યા હતા. રેલીમાં જોડાઈ શાળાની વિદ્યાર્થીનીઓએ આરોગ્ય, સમાજસેવા, માતૃભૂમિ અને લોકસેવા તથા ઈશ્વર પ્રત્યે શ્રધ્ધા કેળવવાનું શિક્ષણ મેળવી સારા નાગરિક બનવાની શીખ મેળવી હતી. આ સ્કાઉટ રેલીમાં શાળાના સ્કાઉટ માસ્ટર સરિતાબેન ત્રિપાઠી હાજર રહ્યા હતા. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આર.એન. પટેલ સ્કૂલ દ્વારા બાલોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલ દ્વારા સંસ્થાના નાથીબા કોલેજ હોલ ખાતે તાજેતરમાં બાલોત્સવની રંગારંગ ઉજવણી કરાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા એકપાત્રિય અભિનય, નૃત્ય, લોકગીત, ભજન, ફિલ્મી ગીત, ફેશન શૉ સહિતની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. શાળાના બાળકોએ પોતાની પસંદગીની કૃતિઓ પ્રસ્તુત કરી હતી. આ ઉપરાંત પરંપરાગત અને આધુનિક વસ્ત્ર પરિધાન કરી થીમ-બેઝ સુંદર કેટ વોક સાથે ફેશન શૉ પણ રજુ કર્યો હતો. સાથો સાથ ગાયન સ્પર્ધામાં બાળકોએ સંગીત મઢયા ગીતોની રજૂઆત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા અર્ચનાબેન પટેલ, કેતનભાઈ પટેલ અને સંદિપભાઈ સોલંકીએ કર્યું હતું.

નવા કોબા ગામે સસરાએ પુત્રવધુને લાકડી વડે ફટકારતા પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક નવા કોબા ગામે પુત્રવધુએ દારૂના નશામાં ધૂત સસરાને ચૂપ થવાનું કહેતા સસરાએ પુત્રવધુને લાકડીઓ વડે માર માર્યો હતો જેથી પુત્રવધુએ સસરા વિરુદ્ધ ઈન્ફોસીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના નવા કોબા ગામે પ્રતાપજી ઠાકોર પોતાના પરીવાર સાથે રહે છે. દરમિયાન આજે પ્રતાપજી ઠાકોર બપોરના સમયે દારૂના નશામાં ધૂત બની પોતાના ઘરે આવ્યા હતા અને ઘરમાં બધા પરિવારજનોને ગમે તેમ બેફામ બોલી રહ્યા હતા. બસ ત્યારે જ તેમના પુત્ર રાજાજીની વહુ લીલાબેન ઠાકોરે સસરાને ચુપ થવાનું કહેતા જ સસરા પ્રતાપજી ઠાકોરે આવેશમાં આવી પોતાની પાસે રહેલ લાકડી વડે પુત્રવધુ લીલાબેનને કમર અને પીઠના ભાગે લાકડીઓ ફટકારી હતી. આથી પુત્રવધુ લીલાબેને ઈન્ફોસીટી પોલીસ મથકમાં સસરા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ગરમ વસ્ત્રોનું વિતરણ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ૧૯૯૧ની સાલથી અંતરીયાળ વિસ્તારમાં આવેલ કન્યા છાત્રાલયો, કુમાર છાત્રાલયોથી માંડીને આંગણવાડીના બાળકો સુધી ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવે છે. જેમાં આ વર્ષે અરવલ્લી જિલ્લાના મોડાસા, મેઘરજ તાલુકાની ૨૦ શાળાઓમાં ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના ધો-૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેમજ આંગણવાડીના બાળકો સહિત સૌને ગરમવસ્ત્રોનું વિતરણ કરાયું હતું. અગાઉ પણ મોડાસા ખાતે લાયન્સ કલબ સંચાલિત બહેરા-મુંગા શાળા તથા પોલીટેકનીકના વિદ્યાર્થીઓને ડૉ. પટેલની ઉપસ્થિતિમાં મહામંડળના સેવા સેનીઓએ મોજા તથા ગરમ વસ્ત્રોની સહાય પહોંચાડી હતી. આ ઉપરાંત અરવલ્લી જિલ્લાના રસ્તે આવતા જરૂરતમંદ લોકોને પણ ઠંડીમાં ગરમ કપડા તથા રાહત પહોંચાડવાનું કાર્ય કરવામાં આવ્યું હતું. આ વર્ષે આસપાસના ગામોની શાળાઓની રૂબરૂ મુલાકાત લઈ અરુણ બુચ, મયુર વ્યાસ, શશીકાંત મોઢા, નિલેન્દુ વોરા, રવિ રાવલ સહિતના મંડળના સભ્યોએ ૧૫૧પથી વધુ વિદ્યાર્થીઓને ગરમ વસ્ત્રોનું વિતરણ કરી સેવા કાર્ય કર્યું હતું. તેમજ સેવા મંડળ મેઘરજ ખાતે નદલાભાઈ દોશી, જગદીશભાઈ તથા મોતીસિંહ બાપુએ ભગીરથ કાર્ય કર્યું હતું.

(તસવીર : દિપક જાની)

બૌદ્ધિસ્ટ યુવક યુવતીઓનો પરિચય મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત બૌદ્ધિસ્ટ અકાદમી દ્વારા બૌદ્ધ ધર્મ પાળતા અથવા વિચારો ધરાવતા યુવક-યુવતીઓનો રાજયકક્ષાનો બૌદ્ધ જીવનસાથી પસંદગી મેળો યોજાવાનો છે. જેમાં ફકત સ્નાતક અને ઉચ્ચ ડીગ્રી ધરાવતા માટે યુવક યુવતીઓનો બાયોડેટા આવકાર્ય છે. સદર પરિચય મેળા માટેનું માહિતી પત્ર શ્રી ભીખાભાઈ અમીન પ્લોટ નં. ૫૭૪/૧ સેકટર-૩-સી ગાંધીનગર મો. ૯૮૭૯૧ ૯૫૮૭૮ પર મળી શકશે.

કોર્પોરેશન વિસ્તારમાં વિકાસ કામો બંધ

કોંગ્રેસ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મહાનગર વિસ્તારમાં વિકાસના કામો બંધ કરી દેવાયા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જેમાં કોર્પોરેશન દ્વારા લોક ભાગીદારીથી થતા પેવર બ્લોકના કામ પણ બંધ થતા જન આક્રોશ પ્રવર્ત્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકાના વિપક્ષે આ મામલે કામો તાત્કાલિક શરૂ કરવાની માંગણી સાથે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ રાજયમાં વિકાસ કામો માટે મોટા બણગા ફૂંકવામાં આવે છે ત્યારે ગાંધીનગર મહાનગર વિસ્તારના મ્યુનિસિપલ કમિશનરે તાત્કાલિક કામો બંધ કરી દેવાનો આદેશ કર્યો છે. કોઈ પણ કારણ દર્શાવ્યા વિના પેવર બ્લોકના કામ બંધ કરી દેવાયા છે. નગરજનો વિવિધ વેરાની ચૂકવણી કરે છે ત્યારે વિકાસના કામો પર બ્રેક વાગી જતા આક્રોશ પ્રવર્ત્યો છે. આ કામો તાત્કાલિક શરુ કરવા ઉગ્ર માંગ કરવામાં આવી છે. કામગીરી શરૂ નહિ થાય તો કોંગ્રેસ ગાંધીનગરની શેરીમાં જઈ નાગરિકોને સાથે રાખી ગાંધી ચિંધ્યા માર્ગો આંદોલન કરશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

સિવિલમાં સિક્યુરીટીએ નડતરરુપ રીક્ષા ખસેડવાનું કહેતા ચાલક અકળાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવલમાં ફરજ બજાવતા સિક્યુરીટી ગાર્ડે તાત્કાલીક સારવાર વિભાગની સામે પાર્ક થયેલી રીક્ષાને ખસેડવાનું કહેતા ચાલક ઉશ્કેરાઈ ગયો હતો. સિવિલના સિક્યુરીટી ગાર્ડને રીક્ષા ચાલકે બિભત્સ ગાળો ભાંડતા અન્ય સિક્યુરીટી જવાન પણ આવી જતા રીક્ષા ચાલક ઉભી પુંછડીયે ભાગ્યો હતો. કેમ્પસમાં થોડીવાર માટે મામલો તંગ બનતા લોકો ટોળે વળ્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ જીલ્લાકક્ષાની હોવાથી જિલ્લામાંથી હજજારો વિવિધ રોગના દર્દીઓ નિદાન અર્થે આવે છે. સિવિલમાં આઠ માળની નવી ઈમારત બનતા દર્દીના આરોગ્યની માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. સિવિલમાં સુવિધા સારી મળતા જિલ્લાના દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થઈ છે. હોસ્પિટલને સુરક્ષિત અને સ્વચ્છ રાખવા માટે કોન્ટ્રાકટ સિસ્ટમથી કર્મચારીની ભરતી કરવામાં આવી છે. કર્મચારી પોતાની ફરજ નિષ્ઠા પુર્વક બજાવતા હોય છે પરંતુ સિવિલ એટલે સરકારી સમજી બેસેલા દર્દીના સગા મન ફાવે તેવું વર્તન કર્મચારીઓ જોડે કરતા હોય છે. પરંતુ નોકરી જવાના ભયથી કર્મચારી પોતાના થી ઉપરી અધિકારીને કરતા નથી. આજે સવારના સુમારે સિવિલના ઈમરજન્સી વિભાગમાં દર્દીને રીક્ષામાં બેસાડીને લાવ્યા હતા. દર્દીને સારવાર મળીને ઘણો સમય પસાર થઈ ગયો હોવા છતા રીક્ષા તાત્કાલીક વિભાગ પાસે ઉભી રહી હતી. રીક્ષા ચાલક આવતા હાજર સિક્યુરીટીએ પાર્કીગમાં મુકવાનું કહેતા ચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને બિભત્સ ગાળો ભાંડતા કેમ્પસમાં લોકો એકઠા થઈ ગયા હતા. પોતાની મનમાની ચલાવતો ચાલક બેકાબુ બનતા અન્ય સિકયુરિટી ગાર્ડ આવી પહોંચતા રીક્ષા ચાલક રફુચક્કર થઈ ગયો હતો. સિવિલમાં આવી ઘટના અવાર નવાર બનતી હોય છે. પરંતુ પોતાની નોકરીના ભયે કર્મચારીઓ કોઈને કહેતા નથી. પોતાની ફરજ બજાવતા કર્મચારીઓ પર સિવિલમાં આવતા દર્દીના સગા તાડુકી ઉઠે છે.

ગાંધીનગર આંજણા ચૌધરી સમાજના પ્રમુખ પદે યુવા અગ્રણી વિષ્ણુભાઈ ચૌધરીની વરણી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં છેલ્લા ૩૮ વર્ષથી કાર્યરત શ્રી આંજણા ચૌધરી સેવા મંડળના પ્રમુખ પદે યુવાન અને ઉત્સાહી એવા વિષ્ણુભાઈ નાથાલાલ ચૌધરી (મેટ્રો ગ્રૂપ)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

નવ નિયુક્ત પામેલા પ્રમુખ શ્રી વિષ્ણુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર આંજણા ચૌધરી સેવા મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન, વિવિધ શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓ, શહેર અને ગ્રામીણ વિસ્તારના યુવાનો માટે વિવિધ ભરતી અંગેની સ્પર્ધાત્મક પરીક્ષાઓનું ખૂબ જ નજીવા દરે કોચીંગ, નોટબુક-ચોપડા વિતરણ સહિતની વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. ગાંધીનગરના ચૌધરી સમાજે યુવાનોના સર્વગ્રાહી વિકાસ માટેની સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનો વધુ વિકાસ થાય તેવા હેતુથી ૩૮ વર્ષના ગાળામાં પ્રથમવાર યુવા અગ્રણી શ્રી વિષ્ણુભાઈ ચૌધરીની ગાંધીનગરના ચૌધરી સમાજના પ્રમુખપદે નિમણૂંક કરી છે.

ગાંધીનગરમાં ચૌધરી સમાજના એક હજારથી વધુ પરિવારો વસવાટ કરે છે. ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા આંજણા ચૌધરી સમાજે ટૂંકા ગાળામાં ધંધા-રોજગાર અને શિક્ષણક્ષેત્રે સારી સિદ્ધિઓ હાંસલ કરી છે.

ઉતરાયણ પર્વમાં ઘાયલ પક્ષીઓ માટે "પક્ષી બચાવો" અભિયાન યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં ઉતરાયણ પર્વમાં પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓ માટે શહેરની સેવાકીય સંસ્થા જનિયર સિટીઝન કાઉન્સીલ અને વાઈલ્ડ લાઈફ રેસ્કયુ ટીમના સહયોગથી ત્રિ દિવસીય "પક્ષી બચાવો"અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજયભરમાં ઉતરાયણપર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. શહેરમાં પણ મકરસંકાતિની ઉજવણી નગરજનો ધામધુમથી કરે છે. આ પર્વમાં નગરજનો સવારથી ધાબા પર જતા રહે છે અને પતંગ ચગાવીને આનંદ મેળવે છે. દિવસ દરમ્યાન નગરમાં આકાશી યુધ્ધ ખેલાય છે. નગરનું આકાશ રંગબેરંગી પતંગોથી ભરાઈ જાય છે. પરંતુ નગરજનોની આ ઉજવણીમાં પતંગની કાતિલ દોરીથી નિર્દોષ અબોલા પક્ષીઓ ઘાયલ થાય છે. જયારે કેટલાક ઘાયલ પક્ષીઓને તાત્કાલીક સારવાર ન મળતા મોતને ભેટે છે. ત્યારે આવા સંજોગોમાં નગરની સેવાકીય સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સીલ અને વાઈલ્ડ લાઈફ રેસ્કયુ ટીમના સભ્યો દ્વારા આ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ પક્ષી બચાવો અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન તા. ૧૩,૧૪,૧૫ ત્રણ દિવસ દરમ્યાન યોજાશે. આ દિવસોમાં નગરમાં સૌથી વધુ પતંગ નગરજનો ચગાવે છે. ઉતરાયણ પર્વના દિવસોમાં કોઈપણ નગરજનોને ઘાયલ પક્ષી નજરમાં આવે તો આ મોબાઈલ નંબર પર ૮૪૦૧૪ ૮૮૫૮૮, ૮૦૦૦૨ ૧૨૧૧૭, ૯૦૩૩૬ ૧૭૧૩૩, ૯૯૨૪૧ ૮૦૩૦૨ જાણ કરી શકે છે. ઘાયલ પક્ષીને તાત્કાલીક વિનામુલ્યે સારવાર આપવામાં આવશે. સંસ્થાએ પણ પતંગ રસિયાઓને નમ્ર અપીલ કરે છે કે સવારે ૭ થી ૯ તેમજ સાંજના ૪ થી ૬ દરમ્યાન પતંગ ન ઉડાડવા તેમજ નગરજનોને આ સેવાકીય પ્રવૃતિમાં સાથ અને સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ચિરવિદાય

- સ્વ. કિરીટકુમાર મગનજી વાઘેલા, ઉ.વ. ૫૧
- સ્વ. જશોદાબા ભારતસિંહ અટોદરીયા, ઉ.વ. ૯૬
- સ્વ. મહાવીરસિંહ માનસિંહ ગોહિલ, ઉ.વ. ૭૧
- સ્વ. ગીરીજાશંકર તીવારી, ઉ.વ. ૯૯
- સ્વ. જશુબા ચંદુજી બિહોલા, ઉ.વ. ૭૫